કૃપાકરી પ્રસિધ્ધી માટે –                                                    ૨૩ માર્ચ ૨૦૦૯

## રામ નાઈકે આપ્યો મતદારોને પાંચમી વખત કાર્ય અહેવાલ

**સોમવાર,મુંબઈ :** " બાબા આમટે જેવી આજની તારીખે પણ કુષ્ઠપિડીતો માટે અપીલ લઈ સંસદ ભવન સૂધી માગણીઓ મૂકનાર અને અનેક કાર્યો નો ઢગલો કરનાર સંત જેવા રાજકારણી શ્રી રામ નાઈક ઉત્તર મુંબઇને પ્રાપ્ત થયાં તે આપનું સૌભાગ્ય." આ મુજબનાં શબ્દો વડે માજી લોકસભા અધ્યક્ષ અને સાંસદ શ્રી મનોહર જોશીએ ગઈકાલે કાંદિવલીના તેરાપંથ ભવન ખાતે શ્રી રામ નાઈકનાં પાંચમા કાર્યવૃત્ત વિમોચન પ્રસંગને બિરદાવ્યો હતો.તેમણે આ પ્રસંગે શ્રી રામ નાઇકે બેવડ મતદારોની ગોબાજાળી સરખી કરવા ચૂંટણી પંચને દબાણ લાવવાનું કાર્ય કરી લોકશાહી પધ્ધતિની મોટી સેવા કરી હોવાનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

સતત પાંચ વર્ષથી લોકસભામાં ન હોવા છતાંયે લોકોની સેવામાં ઉપલબ્ધ શ્રી રામ નાઈકે  તેમનો પાંચમા વર્ષનો કાર્ય અહેવાલ રજૂ  કરતી વેળાં ભાજપનાં રાષ્ટ્રીય પ્રવકતા શ્રી રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે,એનડીએની સરકારમાં શ્રી રામ નાઈક પેટ્રોલિયમ પ્રધાન હતાં ,હું કોયલા ખાણ પ્રધાન અને સુચના પ્રસારણ પ્રધાન વગેરે  ખાતાઓમાં હતો, પરંતુ મારી જેવાં સાંસદો માટે રામ ભાઉ એક આદર્શ રહયાં કે સંસદ માં કેમ બોલવું, કેમ પ્રશ્નોના ઉત્તરો આપવા તે અમે રામ ભાઉ પાસેથી શીખ્યાં. ગેસની,ઘાસલેટની પ્રતીક્ષાસૂચી પૂરી કરી લાઈનો માંથી લોકોને છુટકારો આપવાનું કામ રામ નાઈકે સુપેરે પાર પાડયું.જે આજે કોંગ્રેસનાં શાસનકાળમાં ફરી ગેસ,ઘાસલેટનીલાઈનો,પેટ્રોલ-ડિઝલનાં આસમાને પહોંચેલા ભાવો ના રૂપે જોવા મળે છે.કોંગ્રેસને શ્રી રવિશંકર પ્રસાદે આર્થિક વ્યવહાર અને ભ્રષ્ટાચાર થી ખદબદતાં પક્ષ તરીકે ગણાવ્યો હતો.એકપણ દાગ ન હોય તેવાં અતિશય પ્રામાણિક નેતા શ્રી રામ નાઇક હોવાનું ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા શ્રી રવિશંકર પ્રસાદે કહ્યું હતું.

આપ્રસંગે ઉત્તર મુંબઈનાં ભાજપ-શિવસેનાનાં ઉમેદવાર શ્રી રામ નાઈકે પોતાના પાંચમા કાર્યવૃત્તને જનતા સમક્ષ આપતાં કહ્યું કે "કરેલા કાર્યો નો અહેવાલ જનતાને આપવો એ સ્વસ્થ જનતંત્રની નિશાની છે માટે હું આ રીતે અહેવાલ આપી સંતોષ અનુભવું છું.આવતી પંદરમી ઑગષ્ટે દિલ્લીના લાલ કિલ્લા પર વડાંપ્રધાન શ્રી લાલ કૃષ્ણ આડવાણી ધ્વજવંદન કરે તે મારી મહેચ્છા છે.ભાજપ ગઠબંધન સરકાર વેળાં મુબઈ વિકાસ પ્રાધિકરણ નું ૪૫ હજાર કરોડનું લાવેલ બજેટ અને આજે કોંગીના શાસનકાળમાં તેનું ઠપ્પ પડેલ કામ,મેટ્રો રેલ્વે પ્રોજેકટથી બેહાલ થયેલ ૩૦ હજાર ઝુંપડપટ્ટીવાસીઓનો સંઘર્ષ,નીજી વન જમીન પર જીવનભરની કમાણી રોકી લીધેલ ફલેટધારકો માટેનો સુપ્રીમ કોર્ટ સુધી નો સંઘર્ષ,મુબઈ ઉપનગરી પ્રવાસીઓ માટે નિયમીત સારી યાતાયાત સુવિધા,જેવાં અનેક કાર્યો પાર પાડવાનું મારું લક્ષ્ય છે જેના માટે તમે આજસૂધી આપેલ સાથ આગામી ચુંટણીમાં પણ આપશો અને ભાજપ-શિવસેનાને મત આપી સુશાસન ફરી પાછું દેશમાં લાવશો તેવી અપીલ હું આ પ્રસંગે કરૂં છું."

પ્રભાગ સમિતી અધ્યક્ષ શ્રી શિવકુમાર ઝા ના સ્વાગત ભાષણ અને ઉ.મું.ભાજપના જીલ્હાધ્યક્ષ શ્રી યોગેશ સાગરનાં પ્રાસ્તાવિક પ્રવચન સાથે શરૂ થયેલ આ સભાને ભાજપ મુંબઈના અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી એ સંબોધતાં ખાસ કહ્યું હતું કે, "ઉત્તર મુંબઇ ખાતે શ્રી રામ નાઈકને પાછલી ચુંટણીમાં પાંચ લાખ અગ્યાર હજાર મતો મળ્યાં હતાં તે આપણે ભુલવું ન જોઈએ,માટે આ ચૂંટણીમા આપણે વિજય ના શિલ્પકાર બનવાનું છે.કોંગ્રસના શાસનકાળમાં તેમની મવાળ નિતી ને કારણે આતંકવાદે માઝા મુકી છે ,તેખાતર આપણે હવે સક્ષમ થવાની જરૂર છે અને મુંબઈથી યુતિના છ એ છ ઉમેદવાર જીતાડી લોકસભામાં મોકલવાના છે.મુંબઇનો વિજય કાયમ સરકાર બનાવવા સૂધી લઇ જાય છે માટે મુંબઈગરાં એ સુરક્ષિત શાસન માટે ભાજપ-શિવસેનાને વિજય અપાવી શ્રી લાલ કૃષ્ણ આડવાણીને વડાપ્રધાન બનાવવા અને ત્યારેજ આપણી કામગીરી પૂરી થશે".

આ પ્રસંગે શિવસેના ઉપનેતા શ્રી વિનોદ ઘોસાળકર,શિવસેના ના ઉત્તર-પશ્ચિમ ના લોકસભા ઉમેદવાર ધારાસભ્ય શ્રી ગજાનન કિર્તીકરના ભાષણો પણ થયાં હતાં.ઉકત કાર્યક્રમમાં મુબઈનાં ડૅ.મેયર શ્રી વિનોદ ઘેડિયા, ભાજપ ના પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ભાઈ ગિરકર, મંત્રી શ્રીમ.પારૂલ મહેતા,મુંબઈ ભાજપ મહામંત્રી સર્વશ્રી અતુલ ભાતખળકર,જયપ્રકાશ ઠાકૂર,રમેશ મેઢેકર,આર.યુ.સિંહ,મહિલા અધ્યક્ષ સૌ.વિંદા કીર્તીકર,મંત્રી સૌ.રીટા મકવાણા, શિવસેના ઉપવિભાગ પ્રમુખ શ્રી વિલાસ પોતનીસ,નગરસેવક સર્વશ્રી રામ બારોટ,શૈલજા ગિરકર,વિદ્યા ઠાકૂર,મોહન મીઠબાવકર,જ્ઞાનમૂર્તી શર્મા,પ્રવિણ શાહ,ભારતી કેણી,ભાજપ મુંબઈ અને ઉ.મુંબઈ જીલ્હાનાં સર્વ પદાધિકારી ઉપસ્થિત રહ્યાં હતાં.કાર્યક્રમનું સૂત્રસંચાલન ભાજપ ઉ.મું.ના મહામંત્રી ઍડ. જયપ્રકાશ મિશ્રાએ અને આભારવિધી શ્રી જગદીશ પટેલે કરી હતી.વંદે માતરમ્ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

**(કાર્યાલય સચિવ)**